# સરદાર પટેલ યુનિવર્સિટી
# વલ્લભ વિદ્યાનગર
# બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા : ૬
# (તારીખ: ૨૯/૩/૨૦૨૫, શનિવાર)
# કાર્યનોંધ

**બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા : ૬, તારીખ: ૨૯/૩/૨૦૨૫ને શનિવારના રોજ બપોરે ૦૪:૦૦ કલાકે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.**

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

**<u>ક્રમ સભ્યશ્રીઓના નામ:-</u>**

૧) ડૉ. નિરંજનકુમાર પી. પટેલ (કુલપતિશ્રી)
૨) ડૉ. કે. એસ. લિખીયા
૩) ડૉ. અલકાબેન મેકવાન
૪) શ્રીમતી નિતાબેન બ્રહ્મભટ્ટ
૫) શ્રી રૂષિકેશભાઇ શાહ
૬) કુલસચિવશ્રી

સભામાં સભ્યશ્રીઓની ગેરહાજરી નીચે પ્રમાણે હતી :-

**<u>ક્રમ સભ્યશ્રીઓના નામ:-</u>**

૧) ડૉ.પરેશભાઇ વી. વિરપરીયા (જાણ કરી)
૨) શ્રી વિજયસિંહ યુ. ઝાલા (જાણ કરી)
૩) શ્રી કેતનકુમાર પી. પટેલ (જાણ કરી)
૪) શ્રી નીરજકુમાર સિંઘ (જાણ કરી)

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

૧. **તારીખ:૧-૩-૨૦૨૫ના રોજ મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા નંબર : ૫ ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત.**

(નોંધ: ૧) સભ્યશ્રીઓને તારીખ: ૩-૩-૨૦૨૫ના રોજ જે કાર્યનોંધ મોકલવામાં આવી હતી. તેની એક નકલ આ સાથે પુનઃ **(<u>બિડાણ: ૧ પૃ. ૧ થી ૪</u>)** તરીકે સામેલ છે.

૨) તારીખ: ૧-૩-૨૦૨૫ના રોજ મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા:૫માં પસાર કરેલા ઠરાવો ઉપર થયેલી કાર્યવાહીનો અહેવાલ **(બિડાણ: ૧-અ)** તરીકે સામેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખ: ૧/૩/૨૦૨૫ને શનિવારના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટ સભા: ૫ ની કાર્યનોંધ અને કાર્યવાહીનો અહેવાલ મંજૂર કરવામાં આવ્યો.**

(સિન્ડિકેટ વિભાગ)

૨. મંત્રીશ્રી, ચરોતર એજ્યુકેશન સોસાયટી, સંચાલિત એમ.બી.પટેલ એપ્લાઇડ સાયન્સ કોલેજ, મોગરીના પત્રાંક નં: સીઇએસ/૧૯/૨૦૨૪-૨૫ તારીખ: ૨૭/૦૪/૨૦૨૪ના પત્રમાં જણાવ્યા પ્રમાણે વર્ષ ૨૦૨૪-૨૫થી **બી.એસ.સી(માઇક્રોબાયોલોજી)**નો સેલ્ફ ફાઇનાન્સ અભ્યાસક્રમ કાયમી ધોરણે બંધ કરવા (De-affiliation) માટે કરેલ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.
**(બિડાણ:૨)**

(યુનિવર્સિટીએ નિયત કરેલ અરજી પત્રકમાં અરજી કરેલ છે તથા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલની નકલ **બિડાણ:૨** થી સામેલ છે)

**આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઓફ મેનેજમેન્ટની આ સભામાં ચરોતર એજ્યુકેશન સોસાયટી, સંચાલિત એમ. બી. પટેલ એપ્લાઇડ સાયન્સ કોલેજ, મોગરી (De-affiliation) અંગેનો સ્થાનિક તપાસ સમિતિનો રીપોર્ટ સ્વીકારે છે અને એક્ઝીક્યુટીવ કાઉન્સિલે સૂચવેલી ભલામણ અનુસાર સદરહુ સંસ્થામાં ચાલતા બી.એસ.સી(માઇક્રોબાયોલોજી)નો અભ્યાસક્રમ સમાપ્ત કરવામાં આવે છે.**

(સિન્ડિકેટ વિભાગ)

૩. સેક્રેટરી, ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી, અમદાવાદ સંચાલિત રોર્બટ ઇન્સ્ટિટયુટ ઓફ નર્સિંગ, બોરસદ તેઓના પત્રાંક નં: આર આઇ એન/૨૦૭/૨૪ તારીખ: ૧૫/૦૫/૨૦૨૪ ના જણાવ્યા પ્રમાણે શૈક્ષણીક વર્ષ ૨૦૨૪-૨૫થી **બી.એસ.સી નર્સિંગ** નો સેલ્ફ ફાઇનાન્સ અભ્યાસક્રમ કાયમી ધોરણે બંધ કરવા (De-affiliation) માટે કરેલ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.
**(બિડાણ:3)**

(યુનિવર્સિટીએ નિયત કરેલ અરજી પત્રકમાં અરજી કરેલ છે તથા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલની નકલ **બિડાણ:3** થી સામેલ છે)

**આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઓફ મેનેજમેન્ટની આ સભામાં ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી, અમદાવાદ સંચાલિત રોર્બટ ઇન્સ્ટિટયુટ ઓફ નર્સિંગ, બોરસદ (De-affiliation) અંગેનો સ્થાનિક તપાસ સમિતિનો રીપોર્ટ સ્વીકારે છે અને એક્ઝીક્યુટીવ કાઉન્સિલે સૂચવેલી ભલામણ અનુસાર સદરહુ સંસ્થામાં ચાલતા બી.એસ.સી નર્સિંગ નો અભ્યાસક્રમ સમાપ્ત કરવામાં આવે છે.**

(સિન્ડિકેટ વિભાગ)

૪. પ્રમુખશ્રી, શ્રી બોરીયાવી કેળવણી મંડળ, બોરીયાવી ટ્રસ્ટ સંચાલિત **તારકેશ એન્ડ નિરંજના સુરેશભાઇ પટેલ કોમર્સ કોલેજ, બોરીયાવીમાં** પત્રાંક નં: ૨૦૨૪-૨૫/જોડાણ ૨૬/૧૨ તારીખ: ૨૪/૦૯/૨૦૨૪ના પત્રમાં જણાવ્યા પ્રમાણે **વર્ષ ૨૦૨૫-૨૦૨૬** થી **બી.કોમ.**નો અભ્યાસક્રમ કાયમી ધોરણે ક્રમશ દરેક શૈક્ષણિક વર્ષથી બંધ કરવા (De-affiliation) માટે કરેલ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ:૪)**

(યુનિવર્સિટીએ નિયત કરેલ અરજી પત્રકમાં અરજી કરેલ છે તથા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલની નકલ **બિડાણ:૪** થી સામેલ છે)

**આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઓફ મેનેજમેન્ટની આ સભામાં શ્રી બોરીયાવી કેળવણી મંડળ, બોરીયાવી ટ્રસ્ટ સંચાલિત તારકેશ એન્ડ નિરંજના સુરેશભાઇ પટેલ કોર્મસ કોલેજ, બોરીયાવી (De-affiliation) અંગેનો સ્થાનિક તપાસ સમિતિનો રીપોર્ટ સ્વીકારે છે અને એક્ઝીક્યુટીવ કાઉન્સિલે સૂચવેલી ભલામણ અનુસાર સદરહુ સંસ્થામાં ચાલતા બી.કોમ.નો અભ્યાસક્રમ સમાપ્ત કરવામાં આવે છે.**

**(પરીક્ષા વિભાગ)**

૫. સરદાર પટેલ યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓની પદવી પરીક્ષાઓમાં નિયમાનુસાર ઉતિર્ણ થયેલા તથા તે પદવીઓ મેળવવા પાત્ર ઠરતા કાર્યસૂચિના બિડાણમાં દર્શાવ્યા પ્રમાણેના કુલ ૯૫૦ અરજદાર વિદ્યાર્થીઓને સંબંધિત વિદ્યાશાખાની સ્નાતક, અનુસ્નાતક તેમજ પી.એચ.ડી.ની પદવીઓ એનાયત કરવાની દરખાસ્ત મંજૂર કરવા બાબત..

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓની પદવી પરીક્ષાઓમાં નિયમાનુસાર ઉતિર્ણ થયેલા તથા તે પદવીઓ મેળવવા પાત્ર કુલ ૯૫૦ અરજદાર વિદ્યાર્થીઓને સંબંધિત વિદ્યાશાખાની સ્નાતક, અનુસ્નાતક તેમજ પી.એચ.ડી.ની પદવીઓ એનાયત કરવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી.**

**(મહેકમ વિભાગ)**

૬. વહીવટી જગ્યાઓની પસંદગી સમિતિ બાબતે ગુજરાત પબ્લીક યુનિવર્સિટીઓ અધિનિયમ-૨૦૨૩ ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટના સ્ટેચ્યુટ : ૨૫૮માં નીચે મુજબ દર્શાવેલ છે અને પસંદગી સમિતિનું બંધારણ નક્કી કરેલ છે. તો તે બંધારણ મુજબ (b) અન (e) મુજબ નિમણૂક કરવા વિચારણા કરવા બાબત.

**Selection committees for officers and employees of university principals, teachers and other employees of affiliated colleges/ constituent colleges/ conducted colleges/ recognized institutions/ learner support centres.**

**258.** (1)There shall be a selection committee for making recommendations of suitable candidates for appointment to the various posts as prescribed in this statutes

(2) The Selection Committee for various non-teaching posts shall consist of -

| | |
|---|---|
| (a) the Vice-Chancellor or his nominee, Chairperson; | - |
| **(b) one nominee from amongst the members of the Board of Management;** | - |
| (c) one expert having special knowledge in the field related to the post to be filled, who are not connected with the university or affiliated college or recognized institution under its jurisdiction, nominated by the State Government; | આ અંગે નાયબ નિયામક, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરને પત્રાંક નં. બી/ ગર્વમેન્ટ/૫૬૩૩ તારીખ:૧૯/૧૨/ ૨૦૨૪ના રોજ તજજ્ઞની નિમણૂક કરવા બાબતે પત્ર લખવામાં આવેલ છે. |

| | |
|---|---|
| (d) one person belonging to Scheduled Castes or Scheduled Tribes or De-Notified Tribes (VimuktaJatis) or Nomadic Tribes, or Other Backward Classes, not below the rank of Principal or Professor from University or its affiliated college/ constituent college/ conducted college/ recognized institution/ learner support centre nominated by the Vice-Chancellor; | - |
| **(e) one practicing high court advocate or retired judge nominated by the Board of Management;** | - |
| (f) the Registrar, Member-Secretary (except for the post of Registrar) | - |

(નોંધ : (૧) હાલમાં ડાયરેકટર (કોમ્પ્યુટર સેન્ટર) અને ડેપ્યુટી એકાઉન્ટન્ટની જગ્યાની લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હતું અને નજીકના ભવિષ્યમાં સાક્ષાત્કાર કસોટી અંગેની આગળની પ્રક્રિયા કરવાની થાય.

(૨) ગુજરાત પબ્લીક યુનિવર્સિટીઓ અધિનિયમ-૨૦૨૩ અમલમાં ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટના સ્ટેચ્યુટ : ૨૫૮માં દર્શાવ્યા મુજબ (b) અને (e) મુજબ નિમણૂક કરવા આ બાબત અત્રે રજૂ કરવામાં આવેલ છે.

**ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે વહીવટી જગ્યાઓ માટેની પસંદગી સમિતીમાં ગુજરાત પબ્લીક યુનિવર્સિટી એકટ 2023 ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટના સ્ટેચ્યુટ 258 (2) (b) (e) માં સભ્યોની નિમણૂંક કરવાની સત્તા બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક જગ્યા માટે ગુજરાત પબ્લીક યુનિવર્સિટી એકટ 2023 ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટના સ્ટેચ્યુટસ 255 (2)(e), (f) અને (g) ની નિમણૂંક કરવાની સત્તા બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

**<u>અધ્યક્ષશ્રીની મંજૂરીથી રજૂ થયેલ બાબત.</u>**

(૧) ડૉ. જયેન્દ્રસિંહ આર. જાદવ, એસોસિયેટ પ્રોફેસર, પી. જી. ડીપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ સ્ટડીઝ (હાલ પ્રતિ નિયુક્તિ મહામાત્ર ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર)ની The Gujarat Public Universities Uniform Statues, 2024ની જોગવાઈઓ અંતર્ગત ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે સ્કૂલ ઓફ કોમર્સમાં એસોસિયેટ પ્રોફેસર તરીકે કાયમી ધોરણે ડૉ. જયેન્દ્રસિંહ આર. જાદવને બદલી કરી આપવા માટેની રજૂઆતને ધ્યાને લેવા બાબત..

**આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત પબ્લીક યુનિવર્સિટી એકટ-૨૦૨૩ The Gujarat Public Universities Uniform Statues, 2024 અંતર્ગત ગેઝેટ chapter XVIમાં કરવામાં આવેલ ટ્રાન્સફર અંગેની જોગવાઈ અંતર્ગત સરદાર પટેલ યુનિવર્સિટીમાં પી. જી. ડીપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ સ્ટડીઝના એસોસિયેટ પ્રોફેસર, ડૉ. જયેન્દ્રસિંહ આર. જાદવે તેમના તારીખ:૬/૩/૨૦૨૫ના પત્ર અન્વયે તેઓએ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે સ્કૂલ ઓફ કોમર્સમાં એસોસિયેટ પ્રોફેસર તરીકે કાયમી ધોરણે બદલી અંગેની રજુઆતને ધ્યાને લઇ ગુજરાત**

**પબ્લીક યુનિવર્સિટી એકટ ૨૦૨૩ની ઉકત જોગવાઈઓ અંર્તગત જરૂરી કાર્યવાહી સારૂ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ગાંધીનગર ને મોકલી આપવાનું ઠરાવવામાં આવે છે, અને તે પરત્વે સરકારશ્રી ની મંજૂરી મળેથી બદલી અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરવા ઠરાવવામાં આવ્યું.**

કુલસચિવશ્રી

નંબરઃ કે.૧/ બોર્ડ ઓફ મેનેજમેન્ટ/૬૮
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ૩/૪/૨૦૨૫

પ્રતિ,
બોર્ડ ઓફ મેનેજમેન્ટના સર્વે સભ્યશ્રીઓ જોગ.